શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૬
અંક : ૧૧

## બાલગીત

કેવી મજાની દેખાય નિશાળ મારી કેવી મજાની
અતિશય સુંદર દેખાય નિશાળ મારી કેવી મજાની.
કેવી મજાની દેખાય...........
મારી નિશાળમાં વૃક્ષોની શોભા છે
ભાત– ભાતના ફુલડાની સુંગંધ કંઈ ઓર છે !
ગાર્ડનમાં રમત રમાય નિશાળ મારી કેવી મજાની
કેવી મજાની દેખાય...........
મારી નિશાળમાં સુંદર ગેટ છે
મારી નિશાળમાં સુંદર રૂમ છે
સુંદર બારી બારણા મારી નિશાળમાં
કેવી મજાની દેખાય...........
મારી નિશાળમાં સાથે સૌ ભણતા
રાષ્ટ્રીય દિવસ હોંશે ઉજવતા
નિયમિતતા એવી દેખાય મારી નિશાળમાં
કેવી મજાની દેખાય...........
પંખીનો કલરવ અમને સંભળાય છે
પ્રકૃતિનાં દર્શન અહીયા જ થાય છે
ભારત માતાનાં દર્શન મારી નિશાળમાં
કેવી મજાની દેખાય...........

– હંસરાજ પેથાણી
(એસએમસી સભ્ય, ત્રંબોડા)

## "હવે સારૂ લાગશે"

થોડા વરસ પહેલાની વાત છે. અમેરીકાના સીઆટલ શહેરમાં એક ખાસ ઓલિમ્પિક યોજાઈ હતી. શારીરીક કે માનસિક રીતે અપંગ બાળકો માટે આ ખાસ સ્પર્ધા હતી. ૧૦૦ મીટરની દોડમાં ભાગ લેવા નવ બાળકો આવ્યા હતા.

વ્હીસલ વાગી અને દોડ શરૂ થઈ. સ્વાભાવિકપણે તેમને ઝડપથી દોડવુ ન હતુ પણ સ્પર્ધામાં ભાગ લેવાની મઝા માણવી હતી. આમાંનો એક છોકરો લથડી પડયો અને બે ત્રણ વાર ગબડી પડયો અને રડવા માંડયો. બાકીના આઠેય બાળ કોએ એને રડતો સાંભળ્યો એટલે તેઓ ધીમાં પડયા, ઉભા રહયા અને પાછા ફરીને એની પાસે આવ્યા.

માનસિક રીતે અપંગ એવી એક છોકરીએ નીચે નમી એ બાળકને ચુમી આપી અને કહયુ હવે તને સારૂ લાગશે. પછી નવે નવ બાળકો હાથમાં હાથ પરોવી સાથે ૧૦૦ મીટર ચાલ્યા. સ્ટેડીયમમાં બધા પ્રેક્ષકો ઉભા થયા અને તાળીઓથી આ બાળકોને વધાવ્યા. તાળીઓનો ગડગડાટ દસ મિનિટ સુધી ચાલ્યો.

**પ્રિય વાચક મિત્રો,**
ટપક માટે આપ સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.
– ટપક ટીમ

**જયારે તમારે કંઈ કહેવાનું ન હોય ત્યારે સ્મિત તો કરો જ.**

## બાળપણ શોધયાત્રા

રાષ્ટ્રસંઘ દ્વારા બાળ અધિકારોની ઘોષણા રજત જયંતિ ઉત્સવ વર્ષ નિમિતે બાળ અધિકાર સમુહ ગુજરાતના નેજા હેઠળ રહેલી અને બાળકો સાથે કાર્ય કરતી સંસ્થાઓ દ્વારા ૧૪ નવેમ્બર ૨૦૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૧૪ સુધી ગુજરાતભરમાં બાળપણ શોધયાત્રા યોજવામાં આવી. જે તા. ૧૭/૧૧/૧૪ ના રોજ શિક્ષણ



અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલી મુકામે સંસ્થાના યજમાન પદે જીવન તીર્થ શાળા ખાતે યોજવામાં આવી. જેમાં ધોરણ ૧ થી ૧૦ સુધીના આશરે ૨૨૫ બાળકોએ ભાગ લીધો હતો.

સવારે થી સાંજ  સુધીના કાર્યક્રમ દરમ્યાન શ્રી ગણપતભાઈ ઉપાધ્યાય, પારૂલબેન શેઠ, શ્રી ધીરૂભાઈ વાગડીયા, શ્રી રવજીભાઈ કાચા, શ્રી વાસુદેવભાઈ સોઢા, શ્રી બિપિનભાઈ જોષી, શ્રીમતી તરૂલતાબેન તથા મીતાબેન પંડીત દ્વારા મનનીય પ્રવચનો દ્વારા બાળકોના મુખ્ય ચાર અધિકારો પર પ્રકાશ પાથરવામાં આવ્યો. સાથે સાથે બાળકો પોતાના અધિકારોથી પરિચિત થાય તે હેતુથી કોઈન, આઈડીયલ આઈટમ, એકશન બાળગીતો, વાર્તા, સાપસીડી જેવી રમતો દ્વારા શોષણ સામે રક્ષણ કેવી રીતે મેળવવુ તેનું જ્ઞાન પીરસવામાં આવ્યુ.



પ્રશ્ન બેંકમાં પુછાયેલા પ્રશ્નોના જવાબો બાળકો, શિક્ષકો, સંસ્થાના કાર્યકરો, વાલીઓ સાથે અલગ અલગ ગૃપમાં બેસીને લોકશાહી પધ્ધતિથી આપવામા ંઆવ્યા. જેમાં શિક્ષણ, આરોગ્ય, ભેદભાવ, શોષણ જેવા મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.

છેલ્લે બાળકોનું બાળપણ અનેક ભાર નીચે દટાઈ તો નહી જાય ને? તે ચિંતન અને ચિંતા સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યુ.

**જીવન સંઘર્ષનું બીજું નામ છે.**

## બાળકના શિક્ષણ માટેની એકસપોઝર વિઝિટ

અમેરીકા ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા ચાલતા બાળકની શિક્ષણની ગુણવતા સુધારવાના કાર્યક્રમ અંતર્ગત તા. ૧૨/૧૦/૧૪ થી તા. ૧૮/૧૦/૧૪ ના રોજ રાજસ્થાનમાં કામ કરતી બોધ શિક્ષા સમિતિ નામની સંસ્થાની એકસપોઝર વિઝિટનું આયોજન કરવામાં આવેલુ હતુ. આ એકસપોઝર વિઝિટમાં આગાખાન, ઉન્નતિ, સ્વદિપ, બીએસસી તથા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર સંસ્થાના કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ સંસ્થા દ્વારા બાળકોને શિક્ષણ આપવા માટે જે પ્રવૃતિઓ કરવામાં આવે છે તે જોવા તેમજ જાણવા માટેનો હતો. જેમાં તેમની કાર્યકર્તા દિવ્યાબેન તથા યોગીતાબેન દ્વારા માહીતી આપવામાં આવી હતી. બાળકો જાતે કાર્ય કરીને શીખે, દરેક બાળકને સંગીતનું શિક્ષણ આપવામાં આવે છે, હોસ્પિટલોની મુલાકાત લેવડાવવામાં આવે છે. વગેરે જુદી જુદી પ્રવૃતિઓનો સમાવેશ કરીને બાળકને શિક્ષણ આપવાની પ્રક્રિયા કરવામાં આવે છે. બોધ શિક્ષા સમિતિ ૨૨૦૦૦ શાળાઓને સપોર્ટ કરે છે. અને ગણિત, વિજ્ઞાન, આર્ટ, સંગીત જેવા વિષયોના અલગ અલગ એજયુકેશન રીસોર્સ સેન્ટર ધરાવે છે. તેની વિગતો સાથે આ ટીમે પોતાના વિસ્તારમાં તે લાગુ કરવા લોકો સાથે પરામર્શ કરશે તેમ જણાવ્યુ હતુ.

## ઈસાપર બચત બેન્ક

દરેક મનુષ્યના જીવનમાં બચત જરૂરી છે બચતએ જીવનનું પ્રથમ પગથીયુ છે. પછી ગમે તે વસ્તુની બચત હોય જેમ કે પાણી, વીજળી, સમય કે નાણા. માણસને અવારનવાર પોતાના સારા નરસા પ્રસંગો માટે નાણાની જરૂર પડે છે આથી બાળપણથી જ બાળકોમાં બચતની ભાવના વિકસે તે માટે ઈસાપર પ્રાથમિક શાળામાં બચતના ઉમદા હેતુ માટે ઉપશિક્ષકશ્રી નિલેષભાઈ સુચકના માર્ગદર્શન હેઠળ બચત બેંક શરૂ કરવામાં આવી. આ બેંકનો હેતુ બાળકો બચત કરતા શીખે અને બાળકોને બેંકની કામગીરી વિશે જાણકારી પ્રાપ્ત થાય. બેંકનો સમગ્ર વહીવટ રીશેષ દરમ્યાન જ થાય છે. હાલમાં શાળાના કુલ ૧૪૦ વિદ્યાર્થીઓમાંથી ૧૨૦ જેટલા ખાતેદારો આ બેંકમાં છે. આ ઉપરાંત જે ખાતેદારની જમાં રકમ રૂપિયા ૧૦૦૦/– કે તેથી વધુ થાય તો કુમાર ખાતેદારને રેડ કેપ તથા કન્યા ખાતેદારને હેર રીંગ ભેટમાં આપવામાં આવે છે. આ ભેટ તેઓને દરરોજ શાળાએ પહેરીને આવવાની હોય છે. દર ૩ માસે બેંકનો સ્ટાફ બદલવામાં આવે છે કે જેથી બીજા બાળકોને પણ બેંકની કામગીરી વિશે ખ્યાલ આવે. આ બેંકની સપુર્ણ કામગીરી કોમ્પ્યુટરમાં જ કરવામાં આવે છે. આ બેન્કને કોમ્પ્યુટરરાઈઝ કરવા માટેનો યશ શાળાના ઉપશિક્ષકશ્રી સંજયભાઈ પટેલ તથા વિજયભાઈ પટેલને ફાળે જાય છે.

(ઈસાપર પ્રાથમિક શાળા)

**દરેક ઉમદા કાર્ય શરૂઆતમાં અશકય જ લાગતાં હોય છે.**

## કપાસની વીણી દરમ્યાન

કપાસ પાકે ત્યારે પુરેપુરા ખીલેલા જિંડવામાથી કપાસની વીણી સમયાંતરે કરતા રહેવુ. શકય હોય ત્યા સુધી સવારના સમયમા તેમજ છોડના નીચેના ભાગથી શરૂ કરી ઉપર તરફ વીણી કરવી જેથી કીટ–કસ્તરનુ પ્રમાણ ઓછુ આવે. કપાસને તપાવી ભેજ ઉડે પછી જ સંગ્રહ કરવો. તે વખતે ૯ ટકા થી વધારે ભેજ ન હોવો જોઈએ. કપાસની વીણીમા સુતરાવ કાપડની થેલીનો ઉપયોગ કરવો. માથામા ટોપી પહેરવી અથવા સ્કાફ બાંધવો. કપાસની હેરફેર કરવા બળદ ગાડા કે ટ્રેકટર ટ્રોલીની સફાઈ જોવી. કપાસને સુતરાઉ કાપડના પોટલા ભરીને જ મુકવા. વહેલી સવારે ઝાંકળમા વીણી કરવાનુ ટાળવુ. કપાસની અલગ અલગ જાતોની અલગ અલગ વીણી કરી સંગ્રહ પણ અલગ અલગ કરવો.

## કપાસના સંગ્રહ દરમ્યાન

જલદ કે સળગી ઉઠે ત્યાં તેમજ સૂર્યપ્રકાશમા, ખુલ્લા મેદાનમા કે પવનમા કપાસનો સંગ્રહ કરવો નહી. સંગ્રહ કરેલા કપાસથી પશુઓને દુર રાખવા. સંગ્રહેલા કપાસમા ગુટખા કે તમાકુના પેકેટ નાખવા નહી. સંગ્રહેલા કપાસમા પાનની પીચકારી મારવી નહી.

## કપાસની સાંઠીનો વ્યવહારૂ ઉપયોગ

મોટા ભાગના ખેડુતો કપાસની સાંઠી ખેતરમાથી બહાર કાઢવાની મજુરી અને સમય બચાવવાની અણસમજના કારણે તેને ખેતરમા જ બાળીને



નષ્ટ કરે છે. હકીકતમા કપાસની સાંઠી સેન્દ્રીય તત્વો અને જરૂરી પોષક તત્વોનો ખજાનો છે. જમીનમાથી કપાસના પાક દ્વારા અવશોષીત થયેલ પોષક તત્વો છોડના બધા ભાગો જેવા કે રૂ, કપાસીયા, પાન, ડાળી, સાંઠી, મુળીયા વગેરે સઘળા ભાગોમા વહેચાયેલા હોય છે. જે પૈકી લગભગ અડધો જથ્થો તેની સાંઠીમા હોય છે. એ હિસાબે જોઈએ તો એક એકર કપાસની સાંઠીમા ૫૦ થી ૭૫ કિ.ગ્રા. નાઈટ્રોજન, ૫ થી ૧૦ કિ.ગ્રા. ફોસ્ફરસ, ૧૦૦ કિ.ગ્રા. પોટાસ અને ૫ થી ૧૦ કિ.ગ્રા. ગંધક હોય છે. આ ઉપરાંત સુક્ષ્મતત્વો તેમજ સેન્દ્રીય તત્વો વધારાના. આમ કપાસની સાંઠી એ પોષક તત્વનો ખજાનો છે. જેથી બાળીનાખવાના બદલે તેનો વ્યવહારૂ ઉપયોગ કરવો જોઈએ.

## (૧) રોટાવેટર દ્વારા માટી સાથે ભેળવીએ

જો કપાસનો વિકાસ મધ્યમ હોય, કપાસની વિણી બાદ પણ પિયતની સગવડતા હોય, જમીન રેતાળ કે ગોરાડુ હોય તો ટ્રેકટર સંચાલિત



રોટાવેટર ઉભા પાકમા ચલાવવાથી કપાસની સાંઠીના નાના ટુકડા થઈ જમીન સાથે ભળી જશે. સડવાની ક્રિયા ઝડપી કરવા માટે એકરે ૨૫ કિ.ગ્રા. યુરીયાનો છંટકાવ કરી પિયત આપવાથી મોટા ભાગની સાંઠી ખૂબ જ ઓછા સમયમા સડી જાય છે. જો કપાસમા મીલીબગ કે સુકારાનો ઉપદ્રવ હોય તો આ પદ્ધતિ અપનાવવાના બદલે કપાસની સાંઠીનો કમ્પોસ્ટ ખાતર બનાવવા માટે ઉપયોગ કરવો જોઈએ.

**(૨) કમ્પોસ્ટ ખાતર બનાવીને**

કપાસની સાંઠી ખેતરમાથી ઉપાડી ટ્રેકટર અથવા ઈલેકટ્રીક મોટર સંચાલીત કટરથી ખૂબ જ નાના ટુકડા કરી ખાતરના ખાડામા નાખવી. તેની સાથે છાણીયુ ખાતર, યુરીયા, જૈવિક કલ્ચર, કઠોળ પાકના અવશેષો વગેરે નાખી પાણીથી વ્યવસ્થિત ભીંજવીને માટી અથવા પ્લાસ્ટીકથી હવાસુસ્ત રીતે ઢાંકી દેવુ. એકાદ માસ બાદ ખાડાનુ ખાતર ઉલટ સુલટ કરી ફરીથી જરૂરી પાણી છાંટી ઢાંકી દેવુ. આ બધા સંકલિત પ્રયાસોથી આશરે ત્રણેક માસમા કપાસની સાંઠી સડીને ગળતીયા ખાતરમા ફેરવાઈ જશે. આ ખાતરમા રોક ફોસ્ફેટ, જીપ્સમ વગેરે ઉમેરીને ઉતમ ગુણવતાવાળુ ખાતર બનાવી શકાય છે.

**કપાસના છોડમા પોષક તત્વોનુ પ્રમાણ**

૧. કપાસના પાકમા ૧ એકરે પોષક તત્વોની જમીનમાથી જરુરીઆત.

નાઈટ્રોજન ૧૦૦ થી ૧૫૦ કિગ્રા, ફોસ્ફરસ ૧૦ થી ૨૦ કિગ્રા, પોટાશ ૧૪૦ થી ૨૫૦ કિગ્રા, સલ્ફર ૧૦ થી ૨૦ કિગ્રા, મેગેનીજ ૨૫ થી ૧૦૦ કિગ્રા, લોહ ૨૦૦ થી ૮૦૦ ગ્રામ, જસત ૩૦ થી ૫૦ ગ્રામ, કોપર ૧૫ થી ૨૫ ગ્રામ, કોપર ૧૫ થી ૨૫ ગ્રામ, બોરોન ૨૦ થી ૩૦ ગ્રામ, મોલિબ્ડેનમ ૫ થી ૧૦ ગ્રામ.

૨. એકરે કપાસની સાંઠીમા વધેલા પોષક તત્વો.

નાઈટ્રોજન ૫૦ થી ૭૫ કિગ્રા, ફોસ્ફરસ ૫ થી ૧૦ કિગ્રા,પોટાસ૧૦૦ કિગ્રા, ગંધક ૫ થી ૧૦ કિગ્રા, કેલ્શિયમ ૧.૨૫ થી ૨.૨૫ %, મેગ્નેશીયમ .૧૫ થી .૩૦%, સલ્ફર .૧૮ થી .૪૦% , મેગેનીજ ૩૦ થી ૨૦૦ પીપીએમ, લોહ ૪૦ થી ૫૦૦ પીપીએમ, જસત ૨૦ થી ૪૦ પીપીએમ, કોપર ૧૧ થી ૧૭ પીપીએમ, બોરોન ૨૧ થી ૮૦ પીપીએમ, મોલિબ્ડેનમ .૫ થી .૯૦ પીપીએમ. હોય છે .


**સંકલન :** પ્રવિણ ડુંગરીયા (એગ્રોનોમીસ્ટ, ઉતમ કપાસની ખેતીના પ્રયાસો–એસએસકેકે)

*આજની મહેનત આવતી કાલનું પરીણામ છે.*

## રાજય સ્તરીય શાળા વ્યવસ્થાપન સમિતિ સંમેલન

અમેરીકન ઇન્ડિયા ફાઉન્ડેશન (AIF) અને ટીસીએસઆરડી દ્વારા તા. ૨૪/૧૧/૧૪ ના રોજ અમદાવાદ ગુજરાત વિદ્યાપીઠ ખાતે રાજય સ્તરીય શાળા વ્યવસ્થાપન સમિતિ સંમેલન માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યુ હતુ. AIF સાથે સંકળાયેલ સંસ્થાઓ જે ગામોમાં શિક્ષણની ગુણવતા પર કાર્યરત છે તેવા ગામોની બનેલી શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ના ૪૦૦ ઉપરાંત સભ્યોએ આ કાર્યક્રમમાં રસ પુર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત આવેલ મહેમાનોનું સ્વાગત અને દીપ પ્રાગટયથી કરવામાં આવી. ત્યારબાદ જે બાળકો આર્થિક, સામાજીક કે અન્ય કારણોને લઈને ભણવામાં પાછળ રહી ગયા છે કે ભણવાનું છોડી દઈ બાળ મજુરી તરફ વળતા થયા છે તેવા બાળકોને ફરીથી શાળામાં લઈ શિક્ષણ મેળવતા કરવા, અને જે બાળકોના માતા પિતા આજીવિકા માટે થઈને સ્થળાંતર કરતા હોય છે તેવા બાળકો માટે સીઝનલ હોસ્ટેલની વ્યવસ્થા કરી બાળકોને રહેવા, જમવા અને ભણવા માટે ગામમાં જ વ્યવસ્થાઓ કરી તેને પ્રાથમિક શિક્ષણ આપવુ, તેવા ઉદ્દેશ સાથે LAMP કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે તે પ્રેઝન્ટેશન દ્વારા રજુ કરવામાં આવ્યુ.






ત્યારબાદ ગ્રામ્ય કક્ષાની પ્રાથમિક શિક્ષણની જે સ્થિતી છે તેમની પર ચર્ચા કરવામાં આવી જેમાં ગ્રામ્ય કક્ષાએ શિક્ષકોની અપુરતી સંખ્યા, શાળાના ઓરડાઓની અપુરતી સંખ્યા, બાળકોને ભણવાનો ડર, શિક્ષકનો ડર,શિક્ષણ રસ વગરનું વગેરે બાબતો પર ચર્ચા કરવામાં આવી અને આવેલ SMC ના સભ્યો સાથે સામુહીક પ્રશ્નોતરી કરવામાં આવી.અને દરેકે પોતાના ગામના પ્રાથમિક શિક્ષણને લગત

**સંસ્કાર વિનાનું અક્ષરજ્ઞાન, તે સુવાસ વિનાના ફુલ જેવું છે.**

પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી જેમાં મુખ્યત્વે શિક્ષકની અપુરતી સંખ્યા, શિક્ષકો સ્થાનિક રહેતા ન હોય, શાળાના ઓરડા પુરતા ન હોય, બાળકો વાડી વિસ્તારમાથી આવતા હોય, મા બાપ કાળજી લેતા ન હોય આવા વગેરે પ્રશ્નો બહાર આવ્યા. ત્યરબાદ આ મોટા સમુહને ૩ જુથમાં વ્હેંચી (૧) પ્રાથમિક શિક્ષણ (૨) છોકરીઓના આગળ અભ્યાસ કરાવવા (૩)



સ્કુલ ગર્વનન્સ એકટીવીટી. વિગેરે મુદ્દા પર ચર્ચા કરવામાં આવી.

ચર્ચા પછી આવેલ બાબતોનું સમુહમાં વાંચન કરવામાં આવ્યુ. દરેક મુદ્દા પરથી એવુ બહાર આવ્યુ કે સંસ્થાએ સરકારશ્રીએ બનાવેલા કાર્યક્રમો વિશે લોકોને જાગૃત કરવા માટે છે. તેમજ સરકાર કાર્યક્રમો બહાર પાડે પણ તેને યોગ્ય દિશામાં લઈ જવા માટે માણસ પોતે જવાબદાર છે. આપણા ગામના બાળકોના પ્રશ્નો હોય, આપણા ગામની શાળાના પ્રશ્નો હોય કે આપણા ગામની છોકરીના અભ્યાસના પ્રશ્નો હોય એ આપણે જાતે એક એસએમસીના સભ્ય તરીકે આપણી એ નૈતીક ફરજ છે એમ સમજી આપણે આપણી જવાબદારી પોતે સંભાળીએ તો અને તોજ આપણા બાળકો અને આપણા ગામના પ્રશ્નોને હલ કરી શકીએ આ રાજય સ્તરીય કાર્યશાળાના અંતમાં રાજયભરના



ઉપસ્થિત એસએમસીના સભ્યોએ જાતે સંકલ્પ કરી પ્રતિજ્ઞા લીધી કે અહીથી જઈ અમે અમારા ગામમાં શિક્ષણને લગતા જે કાંઈ પ્રશ્નો હશે તેનું નિરાકરણ લાવશુ. અમારા ગામના બાળકોને પ્રાથમિક શિક્ષણ સારૂ મળી રહે તે માટે તમામ પ્રયત્નો કરીશુ.

અને અંતમાં AIF ના ડાયરેકટરે આવેલ તમામનો આભાર માની કાર્યક્રમને પુર્ણ કરવામાં આવ્યો.

**ત્યાગથી મનની શાંતી પ્રાપ્ત થાય છે.**

## Happy Birthday

| | | |
|---|---|---|
| 1. | Rajesh D. Rathod | 01-12-92 |
| 2. | Arvindkumar R. Javiya | 01-12-73 |
| 3. | Harshad C. Chhorvadiya | 04-12-75 |
| 4. | Ashvinkumar A. Dodiya | 05-12-84 |
| 5. | Poojaben R. Raichura | 06-12-85 |
| 6. | Tahmina A. Afrikavala | 06-12-81 |
| 7. | Hetal S. Goauswami | 08-12-79 |
| 8. | Jotsna P. Solanki | 08-12-76 |
| 9. | Navin V. Kanani | 10-12-79 |
| 10. | Pratap P. Chavda | 10-12-78 |
| 11. | Ranjan P. Radadiya | 10-12-82 |
| 12. | Nita P. Nimavat | 14-12-78 |
| 13. | Paresh H. Parmar | 20-12-81 |
| 14. | Pragna H. Manuwal | 21-12-77 |
| 15. | Birla Kesubhai Kondhiya | 24-12-74 |
| 19 | Madhavi S. Gohil | 27-12-91 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

## Engage on this month

| | |
|---|---|
| 4-5 | Farmer Training for NPM. |
| 16-17 | Celebration of child right week. |
| 23-24 | State Level Convention of SMCs. |
| 11-12 | Ekalnari General Assembly, Delhi. |
| 16-18 | Business plan training for FPOs at TCSRD, Mithapur. |
| 18-19 | Training on Pre harvest management and & Good Agricultural practices at Koba. |
| 19 | FPO formation Meeting at AMA Ahemedabad. |
| 22 | Campaign planning meeting -Abd |
| 29 | Workshop on sustainable agriculture development (NPM) |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2012-14**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સહનશીલતા સદ્‌ગુણોનો આધાર સ્તંભ છે**